GOVERNMENT OF GUJARAT

જય પ્રકાશ શિવહરે, આઈ.એ.એસ.
કમિશનર

ક્રમાંક : [illegible]/લોકડાઉન/વિલંબીત નોંધણી/છૂટ/1521/VS-૨૦૨૦
કમિશનર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ,
બ્લોક નં. ૫/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦.
તારીખ : ૦૯/૦૬/૨૦૨૦.

**વિષય:- લોકડાઉનને કારણે જન્મ, મરણ કે મૃત જન્મની વિલંબિત નોંધણીમાં છૂટ આપવા બાબત.**

**-:પરિપત્ર:-**

તાજેતરમાં કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીને કારણે તા. ૨૫/૦૩/૨૦૨૦ થી તા. ૩૧/૦૫/૨૦૨૦ સુધી સમગ્ર દેશમાં લોકડાઉન લાગુ રહેલ હતું. તા.૦૧/૦૬/૨૦૨૦ થી અનલોક ૧.૦ લાગુ કરવામાં આવેલ છે. સરકારી કચેરીઓમાં કામકાજ શરૂ થવાને કારણે જન્મ અને મરણ નોંધણીની કામગીરી રાબેતા મુજબ ચાલુ કરવામાં આવેલ છે. તેમ છતાંએ હજુ કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં પ્રતિબંધો યથાવત છે.

ઉકત લોકડાઉન દરમ્યાન ઘણાં બધા જન્મ અને મરણના બનાવો ૨૧ દિવસની નિર્ધારીત સમયમર્યાદામાં જન્મ અને મરણ અધિનિયમ,૧૯૬૯ની કલમ – ૮ અને ૯ માં જન્મ, મરણ કે મૃત જન્મની નોંધણી કરાવવા જેની જવાબદારી નક્કી કરવામાં આવેલ છે, તેઓ નોંધણી કરાવી શક્યા નથી. પ્રવર્તમાન નિયમો અનુસાર જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રીએ કલમ – ૧૩ હેઠળ વિલંબિત નોંધણી કરવાની થાય છે, જેમાં જન્મ અને મરણના બનાવ બન્યાના ૨૨ થી ૩૦ દિવસ સુધીમાં માત્ર લેઇટ ફી લઇને, રજીસ્ટ્રારશ્રી જન્મ, મરણ કે મૃત જન્મની નોંધ કરી શકે છે. પરંતુ, ૩૦ દિવસથી વધુ અને ૧ વર્ષની અંદર જન્મ કે મરણની મોડી નોંધણી કરાવવામાં આવે તો તે જન્મ/મરણ/મૃત જન્મ ઠરાવેલ સત્તાધિકારીની લેખિત પરવાનગીથી તેમજ ઠરાવેલી ફી ભરવામાં આવે અને નોટરી પબ્લીક/ રાજ્ય સરકારે અધિકૃત કરેલા કોઇ અધિકારી સમક્ષ કરેલું સોગંદનામું રજુ કરવામાં આવે તો જ નોંધવાની જોગવાઇ છે.

લાંબા લોકડાઉનને કારણે નિયત ૨૧ દિવસની સમયમર્યાદામાં ઘણાં બધા લોકો જન્મ અને મરણના બનાવો વિવિધ કારણોસર નોંધાવી શક્યા નથી, તે હકીકત જણાય છે. આથી, આવા વિશેષ સંજોગોમાં ૩૦ દિવસ થી વધુ પરંતુ ૩૬૫ દિવસ સુધી મોડી નોંધણીની જે જોગવાઇઓ છે, તેમાં છૂટ આપવાની મળેલી રજુઆતો બાબતે તા. ૦૪/૦૩/૨૦૨૦ થી તા. ૩૧/૦૭/૨૦૨૦ સુધીમાં બનેલા/બનનારા જન્મ, મરણ અને મૃત જન્મના બનાવોની નોંધણી માટે એફીડેવીટ કરવામાંથી મુક્તિ તેમજ વિલંબીત નોંધણી ફી જતી કરવાનો નિર્ણય રાજ્ય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે. તદ્દનુસાર, જન્મ, મરણ કે મૃત જન્મની નોંધણી કરવા આથી જણાવવામાં આવે છે.

(જય પ્રકાશ શિવહરે,IAS)
મુખ્ય રજીસ્ટ્રાર(જન્મ-મરણ) અને
કમિશ્નર (આરોગ્ય)
ગુજરાત રાજ્ય

પ્રતિ,

૧. જિલ્લા રજીસ્ટ્રાર જન્મ-મરણ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,જિલ્લા પંચાયત- (તમામ)
૨. તબીબી અધિકારીશ્રી અને રજીસ્ટ્રાર (જન્મ-મરણ),મહાનગરપાલિકા- (તમામ)
૩. રજીસ્ટ્રાર (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી,નગરપાલિકાઓ- (તમામ)
૪. તાલુકા રજિસ્ટ્રાર(જન્મ-મરણ) અને તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત (તમામ)

ફોન : (ઓ) (૦૭૯) ૨૩૨૫૩૨૭૧ ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૪૩૦ ઈ-મેઈલ : cohealth@gujarat.gov.in